

માયાવતીએ ભત્રીજાને ફરી ઉત્તરાધિકારી જાહેર કર્યા

વાંચો પેજ નં. 4

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 24 June 2024, Monday | Page : 11 | Year : 1 | Issue : 212 | Price: 2/-



# ...તો પેટ્રોલ-ડીઝલમાં 20 રૂપિયાનો ઘટાડો થશે!

## મોદી સરકાર પેટ્રોલ–ડીઝલને GSTના દાયરામાં લાવવાની તૈયારીમાં, હાલ પ્રતિ લીટર 35 રૂપિયા કમાય છે સરકાર

ભારત હેડલાઈન, તા.૨૩

આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. સરકાર પેટ્રોલ અને ડીઝલને GSTના દાયરામાં લાવવા પર વિચાર કરી રહી છે. જો આમ થશે તો પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૨૦ રૂપિયા પ્રતિ લિટર સુધી સસ્તું થઈ શકે છે. એટલે કે, દિલ્હીના હિસાબે તેની કિંમત ૭૫ રૂપિયા પ્રતિ લિટર થઈ શકે છે.

ગઈકાલે એટલે કે ૨૨મી જૂને નાણામંત્રી નિર્મલા સીતારમણે GST કાઉન્સિલની બેઠક યોજી હતી. જેમાં નાણામંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલને GSTના દાયરામાં લાવવા માટે તૈયાર છે. હવે આ અંગે રાજ્યોએ નિર્ણય લેવાનો છે. રાજ્યોએ સાથે મળીને તેના દર નક્કી કરવા પડશે.

હાલમાં, જ્યારે તમે દિલ્હીમાં ૯૪.૭૨ રૂપિયાનું એક લિટર પેટ્રોલ ભરો છો, ત્યારે તેમાંથી ૩૫.૨૯ રૂપિયા ટેક્સ તરીકે કેન્દ્ર અને રાજ્ય સરકારોના ખિસ્સામાં જાય છે.


# આજથી મોદી સરકાર 3.0નું સંસદ સત્ર

## PM મોદી સહિત 280 સાંસદ લેશે શપથ

ભારત હેડલાઈન, તા.૨૩

નવી સરકારની રચના બાદ ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂન સોમવારથી શરૂ થશે. જેમાં નવા ચૂંટાયેલા સાંસદો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે શપથ લેવાના છે. આ પછી સ્પીકર પદ માટે પણ ચૂંટણી થશે.

નવી -સરકારની રચના બાદ ૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર સોમવારથી શરૂ થશે. જેમાં નવા ચૂંટાયેલા સાંસદો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે શપથ લેવાના છે. આ પછી સ્પીકર પદ માટે પણ ચૂંટણી થશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંને ગૃહોની સંયુક્ત બેઠકને પણ સંબોધિત કરશે. લોકસભાની ચૂંટણી બાદ નવી સરકારની રચના થઈ, ત્યાર બાદ આ પ્રથમ સત્ર છે. આ ૧૮મી લોકસભામાં ગઉઅ પાસે ૨૯૩ બેઠકો સાથે બહુમતી છે. આમાં ભાજપ પાસે ૨૪૦ બેઠકો છે, જે બહુમતીના આંકડા કરતા ઓછી છે. વિપક્ષી પાર્ટી ઈન્ડિયા એલાયન્સ પાસે ૨૩૪ સીટો છે, જેમાંથી માત્ર કોંગ્રેસ પાસે ૯૯ સીટો છે. શપથ ગ્રહણની વાત કરીએ તો, PM મોદી અને તેમની મંત્રી પરિષદ આવતીકાલે (૨૪ જૂન) સવારે ૧૧ વાગ્યે શપથ લેશે. પહેલા પીએમ શપથ લેશે. તેમના પછી મંત્રી પરિષદના અન્ય સભ્યો શપથ લેશે. આ પછી, વિવિધ રાજ્યોના સાંસદો મૂળાક્ષરોના ક્રમમાં શપથ લેશે. મતલબ કે આસામ રાજ્યના મોટાભાગના સાંસદો શપથ લેશે અને છેલ્લે પશ્ચિમ બંગાળના સાંસદો. ૧૮મી લોકસભા પહેલા વડાપ્રધાન મોદી અને તેમની મંત્રી પરિષદ સહિત ૨૮૦ નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે. બીજા દિવસે ૨૬૪ નવા ચૂંટાયેલા સાંસદો શપથ લેશે.



## પ્રોટેમ સ્પીકરની નિમણૂકને લઈને અસર દેખાઈ શકે છે

ભાજપના નેતા અને સાત વખતના સાંસદ ભર્તૃહરિ મહતાબને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કરવાના વિવાદની અસર સત્રના પ્રથમ દિવસે જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે વિપક્ષ દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી છે. વિપક્ષનો આરોપ છે કે સરકારે આ પદ માટે કોંગ્રેસના સભ્ય કોડીકુંનીલ સુરેશના દાવાની અવગણના કરી. આ અંગે સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ કહે છે કે મહતાબ સતત સાત વખત લોકસભાના સભ્ય રહ્યા છે, તેથી તેઓ આ પદ માટે યોગ્ય ઉમેદવાર છે. વિપક્ષી સભ્ય કોડીકુંનીલ સુરેશની વાત કરીએ તો તેઓ ૧૯૯૮ અને ૨૦૦૪માં ચૂંટણી હારી ગયા હતા. તેમનો કાર્યકાળ નીચલા ગૃહમાં સતત ચોથો કાર્યકાળ છે. અગાઉ તેઓ ૧૯૮૯, ૧૯૯૧, ૧૯૯૬ અને ૧૯૯૯માં લોકસભામાં ચૂંટાયા હતા.

# અમરેલીમાં ધોધમાર વરસાદ

## બજારોમાં નદીઓની જેમ પાણી વહેતાં થયાં







## ભરૂચમાં પણ ભારે વરસાદઃ હારીજમાં પતરાં ઊડ્યાં, વૃક્ષો ધરાશાયી થતાં બે પશુનાં મોત

ભારત હેડલાઈન, તા.૨૩

રાજ્યમાં ચોમાસાનું આગમન તો થઈ ગયું છે પરંતુ હજુ પણ જોરદાર વરસાદી માહોલ જામ્યો નથી. હજુ અનેક જિલ્લામાં વાવણીલાયક વરસાદ વરસ્યો નથી. રાજ્યમાં વિધિવત પ્રવેશ્યા બાદ પણ ચોમાસું નવસારીમાં જ અટકેલું છે. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. ત્યારે ગતરાત્રે હારીજ પંથકમાં ભારે પવન ફૂંકાયો હતો. જેથી મકાનોનાં પતરાં ઊડ્યાં હતાં. તેમજ વૃક્ષો ધરાશાયી થયાં હતાં. જેમાં બે પશુનાં મોત થયાં છે. બીજી તરફ છોટા ઉદેપુરમાં ચાલુ વરસાદે લોકોએ ટીમલી રમી વરસાદની મજા માણી હતી. ત્યારે આજે અમરેલી અને ભરૂચમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જ્યારે સુરતમાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો. આજે હવામાન વિભાગે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં આજે અતિભારે વરસાદ પડી શકે છે.

અમરેલી જિલ્લામાં આજે ફરી વરસાદનું આગમન થયું છે. રાજુલાના કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે. ડોળિયા, માંડળ, મોરંગી, ડુંગર, આસરાણા, દેવકા, કુંભારિયા, ખાંભલિયા સહિતનાં ગામમાં વરસાદ વરસી રહ્યો છે. ક્યાંક ધીમીધારે તો ક્યાંક ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. બપોરે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તેમજ ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો છે. સમગ્ર અમરેલી જિલ્લામાં હાલ વરસાદી માહોલ છવાયો છે. ખાંભા, રાજુલા, જાફરાબાદ તાલુકાના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ખાંભાના ભૂંડણી, ત્રાકુડા, ડેડાણ, રાણીગપરા, ભાવરડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. જાફરાબાદના વડલી, ભાડા, ટીંબી સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

ભરૂચ જિલ્લામાં આજે ધોધમાર વરસાદ વરસ્યો છે. સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાની એન્ટ્રી થઈ હતી. ભરૂચ શહેરના શક્તિનાથ, કલેક્ટર કચેરી, મહંમદપુરા સહિતના વિવિધ વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં હતાં. ફુરજા ચાર રસ્તા નજીક વરસાદી પાણી ભરાયાં હતાં.

## ગીર સોમનાથ, રાજકોટ, જૂનાગઢ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં મોડી સાંજથી વરસાદ, ખેતરોમાં પાણી ભરાયા

નવસારીથી ચોમાસુ આગળ વધ્યું છે અને આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે બપોર પછી સૌરાષ્ટ્રમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. જૂનાગઢ, ગીર સોમનાથ અને રાજકોટ શહેર સહિતના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના પગલે રસ્તાઓ અને ખેતરોમાં પાણી ભરાયા છે. આજે બપોર બાદ ગીર સોમનાથના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને ખેતરો પણ પાણીથી તરબોળ થઈ જતા ખેડૂતોમાં પણ ક્યાંક આનંદની લાગણી જોવા મળી રહી હતી. તેમજ અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય



વિસ્તારોમાં પણ બપોર બાદ વીજળીના કડાકા ભડાકા અને પવન સાથે ધોધમાર વરસાદની શરૂઆત થઈ હતી. ધોધમાર વરસાદના પગલે ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓ પર પાણી ભરાયા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં વેરવાળ, સુત્રાપાડા,



તાલાલા, કોડીનાર, ઉના પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જામનગરના જામજોધપૂરમાં પણ વરસાદ શરૂ થયો છે. અમરેલીના લાઠીમાં ધોધમાર વરસાદ પડવાથી લાઠીના ગ્રામ્ય વિસ્તારમાં શેરીઓમાં પાણી વહેતા થયા છે.

# બાલાજી વેફરના પેકેટમાંથી નીકળેલો 'દેડકો' ડ્રાઉ.. ડ્રાઉ.. કરવા લાગ્યો!



## બાલાજી વેફર્સ પ્રા.લિ.નો વધુ એક નવો વિવાદ સામે આવ્યો

# કન્ચેક્સ વેફરના 10 રૂપિયાના પેકેટમાં નિયત વજન કરતા ઓછી વસ્તુ નીકળી

ભારત હેડલાઈન, તા.૨૩

ગોંડલ શહેર ખાતે રહેતા એક વેપારીએ રાજકોટ સ્થિત બાલાજી વેફર્સ પ્રા.લી. ની ગોંડલમાં બાલાજીની ડીલરશીપ માંથી ખરીદેલ વેફરના પેકેટમાં જે વજન લખેલ હોય તે કરતા ઓછા વજનની ખાધ વસ્તુ નીકળેલ હોવાની ફરિયાદ કન્ઝ્યુમર કોર્ટમાં કરેલ છે.

બાલાજી વેફર્સ પ્રા.લિ.ની પ્રોડક્ટસમાં વેફર્સ અને કન્ચેક્સના જે ૧૦/- રૂપિયા ના પેકેટ આવે છે તેમાં નિયત વજન કરતા ઓછી વસ્તુ નીકળતી હોવાથી ગ્રાહક હકનો ઉપયોગ કરી કોર્ટમાં યોગી પાન એન્ડ કોલ્ડ્રિંક્સ તેમજ ગોંડલ ખાતે બાલાજી ડીલરશીપ અને બાલાજી વેફર પ્રા.લી. વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી છે. તેનો કેસ નંબર સીસી/૪૭૮/૨૦૨૪ થી તા.૧૪/૫/૨૦૨૪ રોજ ફરીયાદ દાખલ કરી પોતાના હક્કમાં ચુકાદાની માંગ કરી છે.

## રાજકોટનાં ભૂતપૂર્વ કલેકટર (હાલ સસ્પેન્ડ) પ્રદીપ શર્માએ બાલાજી વેફર્સ પ્રા. લી ને ફાળવલે જમીનમાં કોના આશીર્વાદ?

તેમજ લોધિકાના વડ વાજડી મુકામે આવેલી શ્રી બાલાજી વેફર્સ પ્રા.લિ. દ્વારા જમીન માંગવામાં આવી ત્યારે ભુતપૂર્વ કલેકટર (હાલમાં સસ્પેન્ડ) પ્રદીપ શર્માએ લોધિકાના વડ વાજડી ગામના સરકારી ખરાબાના રેવન્યુ સર્વે ૧૦૦ પૈકી૧ પૈકીની જમીન ૨૦૦૦૦/-ચો.મી શરતોને આધારે ફાળવવામાં આવી તેમાની અમુક શરતોનું બાલાજી વેફર્સ પ્રા.લિ. દ્વારા પાલન કરવામાં આવેલ નથી અને આસપાસની કુદરતી સંપતિ જેવી કે જમીન નદી જળ પર્યાવરણ જેવી માનવ જરૂરિયાત વગેરે બાબતો પર ભાર દેવામાં આવેલ નથી અને બાલાજી વેફર્સ પ્રા.લિ. ને જમીન ફાળવનાર કલેકટરની ભુજ CID ક્રાઈમે જમીન કૌભાંડના કેસમાં અમદાવાદથી તેમની ધરપકડ કરી હતી. જમીન ફાળવણીના કેસમાં આર્થિક ગેરરીતી સામે આવી હતી. તેવી જ ગેરરીતી વડવાજડીમાં પણ ખુલ્લે ફલિત થઈ આવે છે.

# સાઉદી અરબમાં ૧૧૫૦ હજ યાત્રીઓનાં મોતઃ દાવો

## મૃતદેહો પરથી પસાર થવા હાજી મજબુર થયા; ટૂર ઓપરેટરોએ છેતરપિંડી કરી




ભારત હેડલાઈન, તા.૨૩

હજ દરમિયાન માર્ગમાં ઘણી જગ્યાએ લોકો રસ્તાના કિનારે બેભાન અવસ્થામાં પડ્યા હતા. નજરેજોનારના જણાવ્યા અનુસાર, એમ્બ્યુલન્સ સતત રસ્તા પર આવતી-જતી જોવા મળી રહી હતી.

સાઉદી અરબમાં હજયાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૧૧૫૦ હજયાત્રીઓનાં મોત થયાં છે. આમાં સૌથી વધુ ૬૫૮ ઈજિપ્તના છે. તે પછી ઈન્ડોનેશિયાના ૧૯૯ અને ભારતમાંથી ૯૮ છે. જોર્ડનના ૭૫, ટ્યુનિશિયાના ૪૯, પાકિસ્તાનના ૩૫ અને ઈરાનના ૧૧ હજયાત્રીઓનાં મોત થયાના અહેવાલ છે.

સાઉદી અરેબિયાએ હજુ સુધી તેના નાગરિકોનો કુલ મૃત્યુઆંક જાહેર કર્યો નથી, તેથી મૃત્યુઆંક હજી વધવાની આશંકા છે. માર્યા ગયેલા ૬૫૮ ઈજિપ્તના હજયાત્રીઓમાંથી ૬૩૦ વિઝા વિના હજ માટે ગયા હતા. આ ભયંકર સમસ્યાનો સામનો કરવા માટે, ઈજિપ્તે એક ક્રાઈસિસ સેન્ટર બનાવ્યું છે.

આ વર્ષે મોટી સંખ્યામાં હજયાત્રીઓનાં મોત પાછળનું મુખ્ય કારણ ભીષણ ગરમી છે. મક્કામાં તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસથી ૫૦ ડિગ્રી સુધી પહોંચી જતાં અનેક હજયાત્રિકો હીટવેવને કારણે મૃત્યુ પામ્યા હતા. સાઉદી સરકારના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨,૭૦૦થી વધુ હજયાત્રીઓ હીટ સ્ટ્રોકનો ભોગ બન્યા છે.હજયાત્રીઓ હજ પર જવા માટે ટૂર ઓપરેટરોની મદદ પણ લે છે. આ માટે, ઓપરેટરો પેકેજને લઈને રહેવા, ખાવા-પીવા અને પરિવહન જેવી તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવાનું વચન આપે છે.જો કે, ઈજિપ્તના સાંસદ મહમૂદ કાસિમે ટૂર ઓપરેટરો પર હજયાત્રીઓને છેતરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે ઘણા હજયાત્રીઓને ટૂર ઓપરેટરો દ્વારા યોગ્ય સુવિધા આપવામાં આવી ન હતી, જેના કારણે તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને તેના કારણે તેમનાં મૃત્યુ થયાં હતાં.

ઈજિપ્તે હજયાત્રીઓને છેતરતી ટૂર ઓપરેટર કંપનીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. પીએમ મુસ્તફાએ ૧૬ કંપનીઓનાં લાઈસન્સ રદ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત આ કંપનીઓ સામે કાર્યવાહી કરવા અને દંડ વસૂલવાના આદેશો પણ આપવામાં આવ્યા છે.

દંડમાંથી જપ્ત કરાયેલી રકમ હજયાત્રા દરમિયાન દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોમાં વહેંચવા માટે કહેવામાં આવ્યું છે. બીજી બાજુ, મોટી સંખ્યામાં મૃત્યુના કારણે, ટ્યુનિશિયાના રાષ્ટ્રપતિએ ધાર્મિક બાબતોના પ્રધાનને બરતરફ કરી દીધા.

# માયાવતીએ ભત્રીજા આકાશને ફરી ઉત્તરાધિકારી જાહેર કર્યા, રાષ્ટ્રીય સંયોજકની જવાબદારી સોંપી

ભારત હેડલાઈન, તા.૨૩

બહુજન સમાજ પાર્ટી (BSP)ના વડા માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને ફરી ઉત્તરાધિકારી જાહેર કરવાની સાથે રાષ્ટ્રીય સંયોજકની પણ જવાબદારી સોંપી છે. આકાશને એક દિવસ પહેલા જ ઉત્તરાખંડ પેટા-ચૂંટણી માટે પાર્ટીના સ્ટાર પ્રચાર બનાવ્યા હતા. માયાવતીએ લખનઉમાં બસપાના તમામ પ્રદેશ પ્રમુખોની બેઠક યોજી હતી, જેમાં આકાશ પણ ઉપસ્થિત હતા. બેઠકમાં ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ માયાવતીએ ભત્રીજાના માથે પ્રેમથી હાથ મુકી, પીઠ થપથપાઈ હતી. ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન માયાવતી એ આકાશ આનંદ  અંગે ચોંકાવનારું નિવેદન કર્યું હતું. તેમણે ભત્રીજાને અપરિપક્વ ગણાવી પાર્ટીના નેશનલ કો-ઓર્ડિનેટર પદ પરથી હટાવી દીધો હતો. આ ઉપરાંત તેમણે પરિપક્વ ન હોવાના કારણે પોતાનો ઉત્તરાધિકારી પણ બનાવવાનો ઈન્કાર કરી દીધો હતો.



વાસ્તવમાં લોકસભા ચૂંટણીમાં આકાશે આક્રમક ચૂંટણી પ્રચાર કર્યો હતો. તેમણે રેલીમાં વિરોધી પાર્ટી પર હાવી થઈ આક્રમક ટિપ્પણીઓ કરી હતી. ત્યારબાદ તેમના ઘણા ભાષણોની ચર્ચાઓ થઈ હતી.આકાશે એક ભાષણમાં ભાજપને આતંકવાદી કહેતા તેમની સામે એફઆઈઆર નોંધાઈ હતી. ત્યારબાદ માયાવતીએ તેમને રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવ્યા બાદ કહ્યું હતું કે, તેમણે વધુ પરિપક્વ થવાની જરૂર છે. લોકસભા ચૂંટણીમાં બસપા બેકફુટ પર આવી ગઈ હતી. ઉત્તરપ્રદેશ માં પાર્ટી એક પણ બેઠક જીતી શકી નથી.

# NEET ગેરરીતિ મુદ્દે કોંગ્રેસના કાર્યકરોના આક્રમક દેખાવો, અંબાલામાં ભાજપના કાર્યાલયને જ તાળું મારી દીધું

ભારત હેડલાઈન, તા.૨૩

NEETની પરીક્ષામાં ગેરરીતિ અને પેપર લીકના આરોપો તથા વિવાદ વચ્ચે વિપક્ષ તથા ખાસ કરીને કોંગ્રેસ દ્વારા આક્રમક દેખાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અંબાલામાં કોંગ્રેસના કાર્યકરો એટલી હદે રોષે ભરાયા કે તેમણે ભાજપના કાર્યાલયે જ તાળું મારી દીધું હતું. અહીં ભાજપ વિરુદ્ધ જોરદાર નારેબાજી પણ કરાઈ હતી. આ દેખાવોનું નેતૃત્વ AICCના સચિવ ચેતન ચૌહાણ દ્વારા કરાયું હતું. સેક્ટર ૧૦માં ગુરુદ્વારાથી ભાજ પના કાર્યાલય સુધી કોંગ્રેસી કાર્યકરોએ કૂચનું આયોજન કર્યું હતું. જ્યાં આ ઘટના બની હતી. આ દરમિયાન પોલીસે બેરિકેડિંગ કરીને તેમને રોકવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ કોંગ્રેસીઓ એટલી હદે ગુસ્સે હતાં કે તેઓ બેરિકેડિંગ વટાવીને આગળ વધી ગયા હતા. અહીં પોલીસ સાથે ઘર્ષણ જેવી સ્થિતિ પણ



સર્જાઈ હતી. માહિતી અનુસાર ભાજપના કાર્યાલયે જેવું જ કોંગ્રેસીઓએ તાળું માર્યું અને તેઓ થોડાક આઘા-પાછા થતાં જ તાળું તોડી નખાયું હતું. આ મામલે એઆઈસીસીના સચિવ ચેતન ચૌહાણે કહ્યું કે જ્યારે ભાજપ સરકાર દેશની શિક્ષણ વ્યવસ્થા સંભાળી નથી શકતી તો તેણે ભાજપના કાર્યાલય પણ ન ચલાવવા જોઈએ. જ્યાં જ્યાં ભાજપની સરકાર છે ત્યાં ત્યાં પેપર લીક થઈ રહ્યા છે. આ બધું જોઈને એ નથી સમજાતું કે ભાજપ શાસિત રાજ્યોમાં સરકારનું શાસન છે કે શિક્ષણ માફિયાઓનું.

**અમરેલીના રામપરામાં મનફાવે ત્યારે મારણ કરે, વન વિભાગ સાંભળતું નથી, પ્લીઝ, તમે કંઈક કરોઃ સરપંચનો વનમંત્રીને પત્ર**

# ‘સિંહો ભલે દેશની શાન છે, પણ અહીંથી હટાવો : ગામમાં કૂતરાં કરતાં વધુ સિંહો ફરે’



ભારત હેડલાઇન, તા.૨૩

અમરેલી જિલ્લાના રામપરા ગામમાં સાવજો રાજ કરતા હોય તેવું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૧૫ દિવસથી અહીં ૭થી ૮ સિંહોનું ટોળું સતત લટાર મારી રહ્યું છે. ગામમાં કૂતરાં કરતાં વધુ સિંહો ફરે છે, મનફાવે ત્યારે પશુનું મારણ કરી રહ્યા છે. જેથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. વનવિભાગને અનેક વખત રજૂઆત કરવા છતાં પણ હજુ સિંહોની લટાર ગામમાં ચાલુ જ છે. જેથી ગામના સરપંચે વનમંત્રી મુળુ બેરાને આ મામલે પત્ર લખ્યો છે અને ગામમાંથી સિંહોને હટાવવાની માંગ કરી છે. વનમંત્રીને કરેલી રજૂઆતમાં જણાવાયું છે કે, રામપરા ગામમાં ૧૫ દિવસથી ૭ થી ૮ સિંહોનું ટોળું ગામની અંદર આવી અને ગામમાં રહેતાં પશુઓનું મારણ કરી રહ્યા છે. ગામમાં દીવાલ ઠેકીને પણ મારણ કરે છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં પણ ફોરેસ્ટ વિભાગ દ્વારા કોઈ પગલાં લેવામા આવતાં નથી અને કહેવામાં આવે છે કે, અમારી પાસે પૂરતો સ્ટાફ નથી. ગામમાં લોકોને રહેવું હાલ મુશ્કેલ છે. રાત્રીના સમયે ગામમાં અવારનવાર સિંહો જોવા મળે છે. જેથી ગામના ખેડૂતો તેમજ રાત-દિવસ કામ કરતા કર્મચારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગામના લોકોને મોટી જાનહાનિ પહોંચી શકે છે. જેથી આ સિંહોના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ છે.શેત્રુંજી ડિવિઝનના ડીસીએફ જયન પટેલનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, રામપરામાં રાતના સમયે જ્યારે પશુનું મારણ થયું ત્યારે અમારા આરએફઓ એસીએફ પહોંચી ગયા હતા. પશુપાલકને ઝડપથી વળતર મળે તે માટેની સૂચના પણ આપી દીધી છે. સરપંચ સાથે મળી આ અંગે ચર્ચા કરાશે. ગામમાં એક ટ્રેકર્સને ત્યાં રાખવામાં આવે તેવી ગામલોકોએ માંગ કરી હતી. જે બાબતે પણ રૂબરૂ ચર્ચા કરાશે અને જરૂર લાગશે તો રાખી દેવાશે. રામપરા, ભેરાઈ સહિત આસપાસનાં ગામડાં અને પીપાવાવ પોર્ટમાં નાના મોટા ઉદ્યોગો ધમધમી રહ્યા છે. અહીં સિંહોનાં અલગ અલગ ગ્રૂપ મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે, જે રાત્રીના સમયે ગામની બજારોમાં શિકારની શોધમાં અવારનવાર ઘૂસી જાય છે. જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો છે. આ વિસ્તારનું વાતાવરણ સિંહોને અનુકૂળ આવ્યું હોય તેવું લાગી રહ્યું છે.

## ‘કોઈપણ ગલીમાંથી આવી સિંહો મારણ કરી જાય છે’



ગામના સરપંચ છનાભાઈ વાઘે જણાવ્યું કે, અમારા ગામની અંદર અવાર-નવાર સિંહોનાં ટોળેટોળાં પ્રવેશે છે. જેથી ગામમાં દૂધ દેતી ગાયો-ભેંસો કમસે કમ દોઢથી બે લાખ રૂપિયાની ગણાય છે. ત્યારે આ સિંહો અમારા ઘરમાંથી અમારા પશુઓનું મારણ કરી જાય છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ વન વિભાગ દ્વારા કોઈ કામ થતાં નથી. ગઈકાલે ગ્રામ પંચાયત દ્વારા વનમંત્રીને પત્ર લખીને જાણ કરી છે કે, આ સિંહ દેશની શાન હોય પણ રેવેન્યૂ વિસ્તારમાં ના શોભે. હાલમાં એવી સ્થિતિ છે કે અહીં કૂતરાં કરતાં વધારે તો સિંહ જોવા મળે છે. કોઈપણ ગલીમાંથી આવી સિંહો મારણ કરી જાય છે. સાથે જ યુવાનોના પણ જીવ જોખમમાં મુકાય છે. અમારી માંગ છે કે, આ ખેતીવાળો વિસ્તાર છે તો અમારા ગામમાં આ સિંહો ના આવે અને તમામને પરત જંગલમાં મૂકવામાં આવે એવી અમારી સરકાર પાસે અને વનમંત્રી પાસે પ્રાર્થના છે.

# રાજકોટમાં ૨૪ કલાકમાં આપઘાતના ૩ બનાવઃ આધેડ વેપારી અને યુવાનનું વિષપાન, ભંગારના ધંધાર્થીએ ગળે ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી

ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટ સહિત રાજ્યભરમાં મહામંદીના કારણે અનેક પરિવારોના માળા પીખાયા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે, ત્યારે રાજકોટમાં વધુ બે વેપારી સહિત ત્રણ વ્યક્તિએ આર્થિક ભીંસથી કંટાળી આત્મઘાતી પગલા ભરી લીધાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં વીર સાવરકર આવાસ યોજનાના ક્વાર્ટરના વેપારી અને મધુવન પાર્કના યુવાને ઝેરી દવા પી અને ટીટોડીયામાં ભંગારના ધંધાર્થીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, કાલાવાડ રોડ ઉપર અવધના રોડ ઉપર આવેલ વીરસાવરકર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા વિજયભાઈ પરસોતમભાઈ સોલંકી નામના ૫૧ વર્ષના વેપારી આધેડે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. આધેડને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં ટીટોડીયા ક્વાર્ટરમાં રહેતા અને ભંગારની ફેરી કરી પરિવારને આર્થિક મદદ કરતા સંજય રઘુભાઈ જાદવ નામનો ૨૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે છતના હુકમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ ઘટના અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક સંજય જાદવ બે ભાઈમાં મોટો અને અપરિણીત હતો. સંજય જાદવ ભંગારની ફેરી કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો પરંતુ સંજય જાદવે આર્થીકભીંસથી કંટાળી ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ત્રીજા બનાવમાં કોઠારીયા રોડ પર હુડકો ચોકડી પાસે મધુવન પાર્કમાં રહેતાં પારસ રસિકભાઈ પરમાર (ઉ.વ.૨૫) નામના યુવાને રાતે બે વાગ્યે ઝેર પી લેતાં ઉલ્ટીઓ કરવા માંડતા ઘરના લોકોને જાણ થતાં તુરત જ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે વહેલી સવારે દમ તોડી દીધો હતો. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાથમિક તપાસમાં પારસને એક બહેન છે. તે માતા- પિતાનો એક જ પુત્ર હતો અને ફેબ્રીકેશનનું કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. તેના લગ્ન થયા નહોતા. કદાચ આર્થિક ભીંસને કારણે પગલુ ભર્યાની શક્યતા છે.

અસહ્ય ગરમીનો સામનો કરતા લોકો માટે રાહતના સમાચાર

# આવતા સપ્તાહથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સારો અને સાર્વત્રિક વરસાદ પડશે

ભારત હેડલાઇન, તા.૨૩

અસહ્ય ગરમીનો સામનો કરતા લોકો માટે રાહતના સમાચાર મળી રહ્યાં છે. આવતા સપ્તાહથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સારો અને સાર્વત્રિક વરસાદ પડશે તેવું અનુમાન છે. તા.૨૩ થી ૩૦ જુન સુધી વરસાદ પડવાની જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી છે. લાંબા વખતથી ભીષણ ગરમી અને આકરા તાપમાનનો માર સહન કરી રહેલા રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છને હવે આવતા અઠવાડિયામાં રાહત મળવાના સંકેત હોય તેમ આવતા સપ્તાહમાં વરસાદનો સાર્વત્રિક સારો રાઉન્ડ આવવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. કેટલાક વિસ્તારોમાં એક કે તેથી વધુ પણ વરસાદી રાઉન્ડ આવી શકે છે. તેમણે જણાવ્યું હતું કે, ચોમાસાના આગળ વધવાના અને વરસાદ વરસવાના પરિબળો સર્જાવા લાગ્યા છે. તા.૨૩ થી ૩૦ જુન સુધીની આગાહી દરમ્યાન મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોમાં સર્જાનારુ બહોળુ સરક્યુલેશન ગુજરાત સુધી લંબાવવાની સંભાવના છે. આ સિવાય અરબી સમુદ્રમાં અપરએર સાયક્લોનીક સરક્યુલેશન સર્જાશે અને તેનો ટ્રફ ગુજરાત પરથી પસાર થશે આ સિવાય ક્યારેક ઈસ્ટ-વેસ્ટ શીયરઝોન પણ સર્જાશે જે મુંબઈ લેવલ પર સક્રિય થશે. દેશના પશ્ચિમ કિનારા પર ઓફ સોર ટ્રફ સર્જાવાની પણ શક્યતા છે. આ કારણોસર સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાત અને કચ્છમાં વરસાદના સંજોગો ઉભા થવાની ઉજળી સંભાવના છે. તેમણે કહ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતના અમુક ભાગોમાં આગાહીના સમયગાળા દરમ્યાન એક કરતા વધુ રાઉન્ડ વરસાદ થઈ શકે છે. અમુક વિસ્તારોમાં ઝાપટાથી માંડીને મધ્યમ વરસાદ થશે જ્યારે છુટા છવાયા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. દરરોજ અમુક સમયે પવનનું પણ જોર રહેવાની સંભાવના છે. તેઓએ જણાવ્યું કે ૨૨મી જુન સુધીમાં રાજ્યમાં ૧૬૯ તાલુકાઓમાં સામાન્યથી માંડીને મધ્યમ ભારે વરસાદ થયો છે ૧૪૨ તાલુકામાં ૧ મીમી થી ૫૦ મીમી, ૨૨ તાલુકામાં ૫૧ મીમી થી ૧૨૫ મીમી અને પાંચ તાલુકામાં ૧૨૫ મીમી થી વધુ વરસાદ નોંધાયો છે. ઝોન વાઈસ આંકડા ચકાસવામાં આવે તો કચ્છમાં સરેરાશ ૫ મીમી, સૌરાષ્ટ્રમાં ૨૦ મીમી, ઉત્તર ગુજરાતમાં ૩ મીમી, મધ્ય ગુજરાતમાં ૧૨ મીમી તથા દક્ષિણ ગુજરાતમાં ૪૫ મીમી વરસાદ નોંધાયો છે.



## તા.૨૩થી ૩૦ જુન સુધી વરસાદ પડવાની જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલ દ્વારા કરાઈ આગાહી

# રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી રાજા ચાવડાની અનોખી સેવા

- **લોકસેવા મટે હંમેશા તત્પર રહેતા જન પ્રતિનિધિ મૂંગા પક્ષીની સેવા કરતા નજરે પડ્યા**

ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન અને લોકસેવક રાજાભાઈ ચાવડા પોતાની જુદી - જુદી લોકસેવાના કારણે જાણીતા છે. તેઓની હોસ્પિટલને લગતી લોકસેવાને કારણે તેમને ૧૦૮નું પણ ઉપનામ આપવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન રાજાભાઈ ચાવડા અલગ જ માટીના માણસ છે. જિલ્લાના કોઈપણ ગામના લોકોની સેવા માટે તેઓ હંમેશા તત્પર હોય છે. લોકસેવા માટે રાત - દિવસ કે સમય જોયા વગર તેઓ હંમેશા લોકોની સેવા માટે કાર્યરત હોય છે. તાજેતરમાં જ તેઓ લોકસેવા ઉપરાંત પશુ પક્ષીઓની સેવા કરતા પણ જોવા મળ્યા હતા. રાજકોટ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે રાજાભાઈ ચાવડા આવા મૂંગા પશુ પક્ષીઓની દુ:ખ દર્દ સમજી તેમની સેવા માટે પહોંચી ગયા હતા. શહેરના સર્કિટ હાઉસમાં તેઓ પક્ષીઓને ચણ નાખતા અને પાણીના કુંડામાં



પાણી ભરી પક્ષીઓની તરસ છિપાવી હતી. આવા પ્રતિનિધિને સૌ કોઈએ નોંધ લીધી હતી અને તેમની સેવાને બિરદાવી હતી.



# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા મોદી સ્કુલમાં પાણી રીચાર્જ માટે ૮ બોર કરાયાં

● ડો. રશ્મીકાંતભાઈ મોદી દ્વારા ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પાણી બચાવો અભિયાનમાં લોકોને જોડાવાની કરાઈ અપીલ




ભારત હેડલાઈન, તા.૨૩

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અલગ અલગ જિલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે તેમજ વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેના માટે રાજકોટ સીટીમાં ૧૧,૧૧૧ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ છે. આ અનુસંધાને કાલાવડ રોડ, મોદી સ્કુલમાં વિધાર્થીઓ અને સ્ટાફગણને વરસાદી શુદ્ધ પાણી રીચાર્જ કરવાથી થતા ફાયદા વિષે ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખ દિલીપભાઈ સખીયાએ માહિતી આપી અને સ્કૂલનાં ગ્રાઉન્ડમાં ૨૦૦ ફૂટનાં ૪ બોર કર્યા હતા. આજુબાજુનાં રહેણાકવાળા હાઈરાઈજ બિલ્ડીંગમાં પીવાના પાણી માટે ૨૫૦૦ થી ૩,૦૦૦ ફૂટનાં બોર દ્વારા ભૂખરી વીંધીને ખારું, તુરુ અને ઉંચા ટીડીએસ વાળું પાણી આવવાથી લોકોની બીમારીઓમાં ખુબ વધારો થાય છે અને બિલ્ડીંગોમાં પાણીની પાઈપ લાઈનો જામ થય જતી હોય છે. એટલે કે પીવા લાયક નથી હોતું. આ બોર અને આવા ઘણા બીજા બોર બનવાથી જમીનમાં વરસાદી મીઠા પાણીના તળ ૨૫ થી ૫૦ ફૂટે આવશે. જેથી ખુબ મોટી રાહત થશે, લોકો નીરોગી રહેશે અને દેશની આર્થિક સમૃદ્ધિમાં વધારો થશે. મોદી સ્કૂલનાં ડો.રશ્મીકાંતભાઈ મોદીએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટની પાણી બચાવવાની પ્રવૃત્તિને દિલથી આવકારીને પોતાની દરેક પ્રોપર્ટીમાં વધારેમાં વધારે પાણી માટે રીચાર્જ બોર કરવા તેમજ ચેકડેમ બનવાનો પણ નિર્ણય લીધેલો છે અને વધારે માં વધારે આ કાર્ય ને ગતિ મળે તેના માટે તન, મન, ધનથી મદદ રૂપ થવાની વાત કરી છે. આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, ડો. રશ્મીકાંતભાઈ મોદી, આતમન મોદી, અમિતભાઈ મેઘપરા, જયસુખભાઈ હિરાણી, રમેશભાઈ જેતાણી, વિઠ્ઠલભાઈ બાલધા, તેમજ મોદી સ્કુલનાં શિક્ષક ગણ અને વિધાર્થીઓ હાજર રહ્યા હતા.

# ડિવાઈન એડ. તથા HRM એજન્સીનો ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ



ભારત હેડલાઈન, તા.૨૩

એડવર્ટાઈઝીંગ અને બ્રાન્ડિંગ ક્ષેત્રમાં ડીવાઈન પાયાની ભૂમિકા ભજવનાર એક એવી એજન્સી છે જે સમય સાથે તાલ મેળવીને અનેક નામાંકિત કંપનીઓની બ્રાન્ડને આજે માર્કેટમાં ફેમસ બનાવી દીધી છે. ૨૦૨૧ની ૨૨ જુને નિરવભાઈ પંડ્યાએ રાજકોટ શહેરમાં ડિવાઈન માર્કેટીંગ એજન્સીનો શુભ પ્રારંભ કરેલ. આજે ડિવાઈન ગુજરાત અને લંડનમાં પણ સારી અને સફળ ઓળખ ઉભી કરી ચૂકી છે. પિતા ભગવતીપ્રસાદના (રાજકોટ આકૃતિ એડવટાઈઝીંગ વાળા)ના પ્રેરણા અને આશિર્વાદથી ખૂબ જ ટુંકા સમયમાં ડિજીટલ ઓનલાઈન અને ઓફલાઈન ક્ષેત્રે ડિવાઈન માર્કેટીંગના ઓનર નિરવભાઈ પંડ્યાએ સારી સફળતા મેળવી છે. ક્રિએટી અને ડિજીટલ માર્કેટીંગ સોલ્યુશન્સ, બ્રાન્ડીંગ સોલ્યુશન્સ, કોમ્યુનિકેશન, મીડિયા મેનેજમેન્ટ તેમજ દરેક પ્રકારની ઈન્ડસ્ટ્રીઝથી લઈને એજ્યુકેશનલ, રીયલ એસ્ટેટ, મેડીકલ, કોસ્મેટીક્સ, જ્વેલરી ફુડ એન્ડ બેવરીઝ, આઈટી કંપનીઓ અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં ડિવાઈન અગ્રેસર રહ્યું છે. નિરવભાઈએ ડિવાઈન માર્કેટીંગ, ડિવાન એડવર્ટાઈઝીંગ, એચઆરએમ પ્લેસમેન્ટ (હોસ્પિટાલીટી મેનેજમેન્ટ) તેમજ ડિવાઈન ફુડ સર્વિસ જેવી ફર્મ ટુંક સમયમાં રાજકોટની જનતા સમક્ષ ઉભી કરી દીધી છે. આ સાથે નિરવભાઈ ભારત દેશની નેશનલ ક્રાઈમ બ્યુરો એન્ડ ઈન્વેસ્ટીગેશન જેવી એજન્સીમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે. નિરવભાઈ આજે માનવ કલ્યાણ હેતુથી એક્ટીવ ટ્રસ્ટ અને એનજીઓમાં પણ વિના મૂલ્યે ડોક્ટર્સનો સ્ટાફ પુરો પાડે છે. આધુનિક અભિગમભર્યા સબળ નેતૃત્વ હેઠળ એક જવાબદાર વિજ્ઞાપન એજન્સી તરીકે વિશિષ્ટ ઈમેજ ઉભી કરી છે અને સફળતાના શિખરો સર કર્યા છે. સગા-સ્નેહીઓનો તેમના મોબાઈલ નં. ૯૮૭૯૪ ૫૦૦૭૨ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે કે આ સફર એમની કામયાબીની દિશા તરફ આગળ વધે.

# રાજકોટ ચેમ્બર ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારો માટે સેમિનાર યોજાયો




ભારત હેડલાઈન, તા.૨૩

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રી જોઈન્ટ ડીજીએફટી રાજકોટ અને એફઆઈઈઓનાં સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે અવેરનેશ સેમીનાર યોજાયો હતો. જેમાં જોઈન્ટ ડીજીએફટી રોહિત સોની અને વકતા મીહિરભાઈ શાહે ઈન્ડીયા માર્ટમાં રજીસ્ટ્રેશન અને નાના વેપારીઓ માટે ઈ-કોમર્સ માર્કેટ પ્લસ સહિતની અનેકવિધ બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. પ્રારંભમાં ચેમ્બર પ્રમુખ વી.પી. વૈષ્ણવ અને ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ સૌનું સ્વાગત કર્યું હતું. આભારવિધી મંત્રી નૌતમભાઈ બોરસીયાએ કરી હતી.

# આજે રાજકોટમાં ૧૦૪૩૪ વિદ્યાર્થીઓ બોર્ડની પૂરક પરીક્ષા આપશે

● ૩૨ બિલ્ડીંગો અને ૨૮૦ બ્લોકમાં બેઠક વ્યવસ્થાઃ ઓબ્જર્વરો સ્ટેન્ડ-ટુ રહેશેઃ તૈયારીઓને અપાયો આખરી ઓપ

ભારત હેડલાઈન, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૪ને સોમવારથી રાજકોટ સહિત રાજ્યભરના જિલ્લા મથકો પર ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થનાર હોય વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેની તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે.

રાજકોટમાં ધો.૧૦ અને ૧૨ના ૧૦૪૩૪ જેટલા વિદ્યાર્થીઓ આ પૂરક પરીક્ષામાં બેસનાર છે. આ પરીક્ષાના પેપરો ગઈકાલે સાંજે રાજકોટ આવી પહોંચતા તેને કરણસિંહજી હાઈસ્કુલના સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવેલ છે.આ પરીક્ષા અંગેની માહિતી આપતા શિક્ષણાધિકારી રાણીપાએ જણાવ્યું હતું કે ધો.૧૦ની પૂરક પરીક્ષા બે કેન્દ્રો અને ૨૧ શાળાઓની બિલ્ડીંગો પરથી લેવાશે.

જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧ કેન્દ્ર અને ૪ શાળાઓની બિલ્ડીંગો પરથી તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા-૧ કેન્દ્ર અને ૭ શાળાઓની બિલ્ડીંગો પરથી લેવામાં આવશે. આમ આ પરીક્ષા માટે ૩૨ બિલ્ડીંગો અને ૨૮૦ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજકોટ સેન્ટરમાં ધો.૧૦ના ૬૧૩૭, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૮૫૮ અને વિજ્ઞાન પ્રવાહના ૧૪૩૯ મળી કુલ ૧૦૪૩૪ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં બેસનાર છે.

ધો.૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા અંગે ગઈકાલે શિક્ષણ બોર્ડ દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ પરીક્ષામાં ઓબ્જર્વરો સ્ટેન્ડ ટુ રહેશે.આ પુરક પરીક્ષામાં પ્રથમ દિવસે તા.૨૪ને સોમવારે સવારના ૧૦થી૧.૧૫ કલાક દરમિયાન ગુજરાતી-હિન્દી-અંગ્રેજીના પ્રથમ ભાષાના પેપર લેવાશે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં તા.૨૪ના સવારના ૧૦.૩૦ થી ૧.૪૫ દરમ્યાન આંકડાશાસ્ત્ર અને બપોરના ૩થી૬.૧૫ કલાક દરમિયાન ભુગોળ વિષયનું પેપર લેવાશે.

# વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોની સારવાર કરતા નર્સ બહેનો સહિતના સ્ટાફનું બહુમાન કરાયું



ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રક્ત જેમનો ખોરાક છે તેવા લોહીના વારસાગત રોગ થેલેસેમીયાનો ભોગ બનેલા રાજકોટ શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માંથી ૫૦૦ થી વધુ થેલેસેમીયા પીડિત બાળકો નિયમિત રીતે મહિનામાં બે વાર બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે શહેરની સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે આવે છે. આ તમામ થેલેસેમિક બાળકોને સારામાં સારી સારવાર મળે, તેઓની વેદના ઓછી થાય અને કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સિવિલ હોસ્પિટલમાં કાર્યરત થેલેસેમીયા વોર્ડમાં ફરજ બજાવતા તમામ સિસ્ટરો, નર્સ બહેનો દરેક બાળકની માતૃવાત્સલ્ય કાળજી લેતા કીર્તિદાબેન યાદવ, પુનીતાબેન જીવરાજાની, ઉમાબેન ધાવરી, લક્ષ્મીબેન કાનાબાર, કિરણબેન વાણંદ તેમજ કાઉન્સેલર, પટ્ટાવાળા, સફાઈ કામદાર સહિતના ૧૨ સેવાભાવી અને માનવતાવાદી સ્ટાફ પરિવારનું તેઓની કર્તવ્યનિષ્ઠા અને માનવીય અભિગમને ધ્યાનમાં લઈને દરેક સ્ટાફનું સંસ્થાના હસુભાઈ રાચ્છ, રાજેશભાઈ ભાતેલીયા, પ્રવીણભાઈ પરસાણાના હસ્તે કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવી, પુસ્તક, શ્રીફળ સાકરનો પડો, સ્મૃતિ ભેટ આપી તેમજ શાલ ઓઢાડીને લાગણીસભર સન્માન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, દિનેશભાઈ ગોવાણી, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, જીતુભાઈ ગાંધી કાર્યરત રહેલ હતા.

# જૈનાચાર્ય શ્રી જયશેખર સૂરિજી મ.આદિ ઠાણા યુનિ. રોડ જૈન સંઘના આંગણે પધારતા સામૈયું કરાયું



ભારત હેડલાઇન, તા.૨૩

યુનિ. રોડ જૈન સંઘના આંગણે જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા પધારતા સ્નાનાગાર પાસેથી સામૈયુ યોજવામાં આવેલ હતું. જેમાં સંઘના અગ્રણીઓ જોડાયા હતા. આ પ્રસંગે વિપુલભાઈ દોશી, મહેશભાઈ મણિયાર, નીતિનભાઈ શાહ, યુનિ. રોડ જૈન સંઘના પ્રમુખ અનીષભાઈ વાધર, ઉમેશ શેઠ, પ્રકાશ કોઠારી સહિત અન્યો જોડાયા હતા.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ અપાશે

## ફોર્મ વિતરણનો પ્રારંભ, છેલ્લી તારીખ ૧૫ જુલાઈ : કાર્યકારી ચેરમેન જીમ્મીભાઈ દક્ષીણી



ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવશે. બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મીભાઈ દક્ષીણીએ જણાવ્યું છે કે, 'માર્ચ-૨૦૨૪માં લેવાયેલી ધો. ૧૦, ધો. ૧૨ની પરીક્ષામાં બેંકના સભાસદોના સંતાનો કે સભાસદ, જેઓએ એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલા છે તેઓને શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. તેમજ રીતે માર્ચ ૨૦૨૪માં લેવાયેલ ધો. ૧૨ની પરીક્ષામાં ઉર્તીણ થયેલા હોય, તેવા વિદ્યાર્થીઓ સ્કોલરશીપ (આર્થિક સહાય) યોજનાનો પણ લાભ મેળવી શકશે. તેમાં જનરલ કેટેગરીમાં એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ અને આર્થિક રીતે પછાતની કેટેગરીમાં બી-૧ અને બી-૨ ગ્રેડ મેળવેલા વિદ્યાર્થીઓ પણ માન્ય ગણાશે. આર્થિક રીતે પછાતની કેટેગરીમાં, સરકારમાન્ય અધીકારીના આર્થિક રીતે પછાત હોવાના દાખલાની ઝેરોક્ષ જોડવાની રહેશે. આ માટેના નિયત ફોર્મનું વિતરણ શરૂ થયું છે. ફોર્મ રાજકોટ શહેરની અને બહારગામની તમામ શાખાઓથી મળે છે. ફોર્મમાં સંપુર્ણ વિગતો ભરી પરત આપવાની અંતિમ તા. ૧૫ જુલાઈ ૨૦૨૪ને બુધવાર છે. ફોર્મ માટેનો સમય સોમવારથી શનિવાર સવારના ૧૧ થી ૪ નો રહેશે.

# ISROના પુષ્પકને મળી સતત ત્રીજી સફળતા, રીયુઝેબલ લોન્ચ વ્હીકલની સફળ લેન્ડિંગ



ભારત હેડલાઇન, તા.૨૩

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તેના રીયુઝેબલ લોન્ચ વ્હીકલ-એલઈએક્સ-૦૩ (RLV-LEX-03) 'પુષ્પક'એ સતત ત્રીજી વખત સફળ લેન્ડિંગ કરીને મોટી સફળતા મેળવી છે. બેંગ્લુરુથી થોડાક દૂર ચિત્રદુર્ગમાં ભારે પવન વચ્ચે આરએલવી પુષ્પકે સતત ત્રીજી વખત સફળ લેન્ડિંગ કરી છે.

મળતી માહિતી પ્રમાણે, ઈસરો તરફથી આરએલવી પુષ્પક વિમાનનું પરીક્ષણ સવારે ૭.૧૦ વાગ્યે બેંગ્લુરુથી લગભગ ૨૨૦ કિમી દૂર ચિત્રદુર્ગ જિલ્લાના ચલ્લાકેરેમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ (એટીઆર)માં કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન એરફોર્સના ચિનૂક હેલિકોપ્ટરથી આ વિમાનને ૪.૫ કિમીની ઉંચાઈ સુધી લઈ દવામાં આવ્યો હતો અને તેને રનવે પર લેન્ડિંગ માટે છોડી દેવામાં આવ્યો હતોબીજા એક્સપેરિમેન્ટ દરમિયાન પુષ્પકને ૧૫૦ મીટરના ક્રોસ રેન્જથી છોડવામાં આવ્યું હતું. આ વખતે ક્રોસ રેન્જ વધારીને ૫૦૦ મીટર કરવામાં આવ્યું હતું. જ્યારે પુષ્પક હેલિકોપ્ટરથી છોડવામાં આવ્યું ત્યારે તેની લેન્ડિંગ વેલોસિટી ૩૨૦ કિમી પ્રતિકલાકથી વધુ હતી. બ્રેક પેરાશૂટની મદદથી ટચડાઉન માટે વેલોસિટીને ઘટાડી ૧૦૦ કિમી પ્રતિકલાક સુધી લઈ જવામાં આવ્યો હતો..

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# આમ્રપાલી બ્રિજમાં વર્ટીકલ ગાર્ડનનો ધબડકો: તંત્રએ 'ફોલ્ડીંગ' કુંડા પણ ઉતારી લીધા

## નવા બ્રિજમાં હરીયાળુ ચિત્ર દેખાડવા મૂકાયેલા કુંડાના નટબોલ્ટ સડી ગયા : ગમે ત્યારે અકસ્માતનો ખતરો લાગતા ચૂપચાપ ટ્રેકટરમાં પ્લાન્ટ ભરી લેતું તંત્ર : શહેરના મોટાભાગના રાજમાર્ગો સુકાભટ્ઠ જેવા



ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટમાં એક તરફ ગ્રીન કવર ઓછું હોવાની સ્થિતિ છે અને આ વર્ષે ઉનાળાની ગરમીએ લોકોને ત્રાસ છોડાવી દીધો છે ત્યારે શહેરની ભાગોળે અને વનમાં ભલે ઘનિષ્ઠ વનીકરણ ચાલતું હોય, પરંતુ શહેરની મધ્યમાં અને રાજમાર્ગો પર સિમેન્ટના જંગલો વચ્ચે લોકો દાઝી જાય તે રીતનો તાપ વરસી રહ્યો છે. અર્ધો ડઝન બ્રીજવાળો ૧૫૦ ફુટ રીંગ રોડ તો હરિયાળી વગર ભઠ્ઠાની જેમ તપતો જ હોય છે ત્યારે રૈયા રોડને જોડતા આમ્રપાલી બ્રીજમાં વર્ટીકલ ગાર્ડનનો પ્લાન ફેઇલ થયા બાદ હવે બ્રીજની બંને તરફ મૂકવામાં આવેલા પ્લાન્ટના કુંડા પણ ઉખેડી લેવાની નોબત આવી છે. બ્રીજની સાઇડની દિવાલ પર મૂકવામાં આવેલા કુંડા ડેકોરેશન અને હરિયાળી માટે નટબોલ્ટથી ફીટ કરવામાં આવ્યા હતા. પરંતુ આ બોલ્ટ સડી ગયા છે અને ચોમાસામાં કોઇ વાહન ચાલક પર અકસ્માતનો ખતરો ન સર્જાય તે માટે ઉતારી લેવાયાનું જાણવા મળ્યું છે. આમ્રપાલી બ્રીજના નિર્માણ સાથે રાજકોટની ફાટકની સૌથી મોટી પૈકીની એક સમસ્યા હલ થઇ હતી. અહીં અંડરબ્રીજ બનવાથી ટ્રાફિકમાં રાહત થઇ છે. જોકે ટ્રાફિક મેનેજમેન્ટમાં ખામીના કારણે સાંજના સમયે અવારનવાર કિસાનપરા ચોકમાં બ્રીજ અંદરથી વાહનોની લાઇન લાગી જાય છે તે પણ હકીકત છે. આ નવા બ્રીજના પ્લાન સાથે અન્ય મહાનગરો જેવો વર્ટીકલ ગાર્ડનનો વિચાર કરવામાં આવ્યો હતો. ઇન્દોર જેવા શહેરમાં બ્રીજ કે અન્ય મિલ્કતોની દિવાલ પર હેંગીંગ ગાર્ડન બનાવવામાં આવ્યા છે. આવો જ વર્ટીકલ ગાર્ડન આમ્રપાલી બ્રીજની દિવાલ પર બનાવવામાં આવ્યો હતો. પરંતુ સમય જતા જાળવણીના વાંકે અને વાતાવરણની પ્રતિકૂળતાના કારણે આ ગાર્ડન અને તેના ફુલ સુકાઇ ગયા હતા. હવે અહીં માત્ર દિવાલો રહી છે. દરમ્યાન બ્રીજમાં પ્રવેશતા બંને તરફ સર્વિસ રોડની ઉંચી દિવાલોની પાળી પર પ્લાન્ટના કુંડા મુકવામાં આવ્યા હતા. તે આકર્ષણનું કેન્દ્ર પણ બન્યા હતા. અહીં નિયમિત પાણી પણ પીવડાવવામાં આવતું હતું. પરંતુ સમય જતા આ ફિકસ કરવામાં આવેલા કુંડાના નટબોલ્ટ કટાઇ ગયા છે. અમુક કુંડા રીતસર ધ્રુજવા લાગ્યા હતા જે અંગે કોઇએ મનપા અધિકારીઓનું ધ્યાન દોરતા સલામતી ખાતર બ્રીજની બંને તરફથી તમામ કુંડા બે દિવસ પહેલા ટ્રેકટરમાં ભરી જવામાં આવ્યા છે. ચોમાસામાં ભારે વરસાદ કે પવનના કારણે કોઇ કુંડુ ઉખડીને નીચેથી પસાર થતા વાહન ચાલક પર પડે તેવો ભય પણ સર્જાયો હતો. વજનદાર કુંડાથી નુકસાન પણ થાય તેમ હતું. આથી સલામતી માટે આ પગલુ લેવાયાનું ગાર્ડન શાખાએ જણાવ્યું હતું. વરસાદ પહેલા આ કુંડા ઉતારી લેવા તંત્રને જરૂરી લાગ્યા છે જોકે અનિવાર્યતા, ક્ષમતા, વાતાવરણની અસર સહિતના અભ્યાસ વગર અગાઉ રેસકોર્સ ચોક સહિતના વિસ્તારમાં મોંઘા રેડીમેઇડ વૃક્ષો પણ મુકવામાં આવ્યા હતા જેનો નિકંદન નીકળી ગયું છે. વીવીઆઇપીની મુલાકાત વખતે ડિવાઇડરમાં અનેક વખત ફોલ્ડીંગ વૃક્ષારોપણ કરવામાં આવ્યા છે. ડિવાઇડર અને સર્કલમાં નામ પુરતી ગ્રીનરી હોય છે. રૈયા રોડ, કાલાવડ રોડ, ૧૫૦ ફુટ રોડ, સંત કબીર રોડ, પેડક રોડ, યાજ્ઞિક રોડ, કોર્પો.ને જોડતા ઢેબર રોડ પર કયાંય વૃક્ષારોપણ અભિયાનનું નામોનિશાન નથી. શહેરના ભાગોળે રામવન, પ્રદ્યુમન પાર્ક, ન્યારી ડેમ, નાકરાવાડી ખાતે મીયાંવાકી ફોરેસ્ટ વિકસાવવામાં આવ્યા છે. પરંતુ શહેરની મધ્યમાં જયાં લોકો રહે છે અને હજારો વાહનો અવરજવર કરે છે ત્યાં છાયડા કે વૃક્ષો રોપવામાં મનપા સફળ થતી નથી તે હકીકત છે.

## આર.કે. યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઇ




આર.કે. યુનિવર્સિટીએ તાલુકા પંચાયત રાજકોટના સહયોગથી ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. જેમાં પ્રતિષ્ઠિત મહેમાનો નિશા ચૌધરી, મદદનીશ કલેક્ટર કે.એચ. મકવાણા, મામલતદાર વનરાજસિંહ ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી પરમાર, પીઆઈ. સરધારાએ હાજરી આપી હતી. આ વર્ષની થીમ, ''મહિલા સશક્તિકરણ માટે યોગ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મહેમાનો દ્વારા સ્વીકારવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઉત્સાહ પૂર્વક ભાગીદારી જોવા મળી હતી. જેમાં યોગના શારીરિક અને માનસિક ફાયદાઓની ઉજવણી કરવામાં આવી હતી.

## કેન્સર કલબ દ્વારા યોગ દિવસની ઉજવણી




ભારત હેડલાઇન, તા.૨૩

૨૧ જુન ઇન્ટરનેશનલ યોગા ડે નિમિત્તે રાજકોટ કેન્સર કલબ દ્વારા યોગ ઇન્સ્ટ્રક્ટર સરજુભાઈ કારીયા, બીનાબેન,જ્યોતિબેન અને જુગનુંબેન દ્વારા યોગ દિવસની ઉજવણીમાં યોગાસન પ્રાણાયામ કરાવવામાં આવ્યાં હતાં.

# ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ અંતર્ગત ભાજપ દ્વારા તમામ વોર્ડમાં વિવિધ કાર્યક્રમોની વણઝાર





## રાજકોટના તમામ મીસાવાસીઓનું સન્માન કરાશેઃ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ, રકતદાન કેમ્પ યોજાશે

ભારત હેડલાઈન, તા.૨૩

પ્રદેશ ભાજપની યોજનાનુસાર અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલજીના માર્ગદર્શન હેઠળ તા.૨૫ જૂન કટોકટી દિન અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગર ખાતે ભારતીય જનતા પાર્ટી ધ્વારા આગામી વિવિધ કાર્યક્રમોની પૂર્વ તૈયારીના ભાગરૂપે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની અધ્યક્ષતામાં અને શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, અને વિરેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ શહેરના તમામ મીસાવાસીઓનું સન્માન ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવશે.

કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ મહાનગર શહેર ભાજપ કમલમ ખાતે સાંજે ૬.૦૦ કલાકે વરિષ્ટ આગેવાન ભરતભાઈ બારોટનું વકતવ્ય યોજાશે.તા.૨૬ જુન થી તા. ૬ જુલાઈ સુધી તમામ શ્રેણીના કાર્યકતાઓ દ્વારા એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવશે. તા. ૬ જુલાઈ સુધી યુવા મોરચા દ્વારા શહેરના તમામ વોર્ડમાં રકતદાન કેમ્પ યોજવામાં આવશે.

# સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ તથા સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ સેન્ટરનો પ્રારંભ

ભારત હેડલાઈન, તા.૨૩

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ તથા સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ સેન્ટરનો તા. ૨૪ સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે. દર બુધવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી મોંડેલ સ્કૂલ, હનુમાન મઢી, રૈયારોડ, ભગવતી હોલ વાળી શેરી, પૂર્વમુખી હનુમાન મંદિર  ચોક, રાજકોટ ખાતે હોમીયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સીટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરો દ્વારા (જનરલ ચેકઅપ) હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપવામાં આવશે. ઉપરોક્ત મેડિકલ સેન્ટરનો જાહેર જનતાએ લાભ લેવા મોંડેલ સ્કૂલ મો. ૮૪૬૦૩ ૫૯૭૮૯ અને સી.જે.ગ્રુપ રાજકોટ મો. ૯૪૨૮૨ ૩૧૨૭૧ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીના યોગકોચ રૂપલબેન શાહના માર્ગદર્શનમાં યોગ દિવસની કરાઈ ઉજવણી



ભારત હેડલાઈન, તા.૨૩

મોરબીના યોગકોચ રૂપલબેન શાહની યોગ ફેમિલીના ૩૦ મેમ્બરો દ્વારા હોસ્પિટલ આયુર્વેદ શાખા સ્કૂલ હાઈસ્કૂલ કોલેજ સબજેલ અને મંડળમાં તેમજ શૈક્ષણિક સંસ્થાઓ, રાજકારણી સંસ્થાઓના મેમ્બર દ્વારા મંડળમાં પણ યોગ ડે ની ઉજવણી કરાઇ હતી.

હળવદ મોરબી વાંકાનેર માળીયા તાલુકામાં દરેક જગ્યાએ હર્ષ પૂર્વક ઉજવણી થઈ હતી. તેમના દ્વારા મોરબીમાં ૩૫ રેગ્યુલર બેચ ચાલે છે.

જેમાં યોગ ડાન્સ, જુમ્બા એરોબિક યોગ, પ્રાણાયામ, ધ્યાન, આસન, સુક્ષ્મ વ્યાયામ અને અને રમત રમાડવામાં આવે છે સાથે પિકનિક પણ કરવામાં આવે છે અને ખૂબ જ ઉત્સાહ પૂર્વક બધા સાધકો ભાગ લે છે.




## મુસાફરો સાવધાન : ઘણી ટ્રેનોના કરાયાં રૂટ રદ

# રાજકોટ ડિવિઝનનું છૂક..છૂક.. : ડબલ ટ્રેકના કામને કારણે ૩૦ જૂન સુધી રેલ વ્યવહારને અસર

ભારત હેડલાઇન, તા.૨૩

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ ખંડેરી પડધરી સેક્શનમાં ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવેલ છે, જેના કારણે ૩૦ જૂન સુધી રેલ વ્યવહારને અસર થશે. જેમાં, ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી ૨૪ થી ૨૯ સુધી રદ. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ વેરાવળ ઈન્ટરસિટી ૨૫ થી ૩૦ સુધી રદ. ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ પોરબંદર એક્સપ્રેસ ૨૪ થી ૩૦ સુધી રદ. ટ્રેન નંબર ૧૯૫૭૨ પોરબંદર રાજકોટ એક્સપ્રેસ ૨૪ થી ૩૦ સુધી રદ. આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં, ટ્રેન નંબર ૦૯૫૨૧ રાજકોટ વેરાવળ લોકલ ૨૩ થી ૨૯ સુધી ભક્તિનગરથી વેરાવળ સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ ભક્તિનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૫૨૨ વેરાવળ રાજકોટ લોકલ ૨૩ થી ૨૯ સુધી વેરાવળથી ભક્તિનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન ભક્તિનગર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૫૧૩ રાજકોટ વેરાવળ લોકલ ૨૪ થી ૩૦ સુધી ભક્તિનગરથી વેરાવળ સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ ભક્તિનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૫૧૪ વેરાવળ રાજકોટ લોકલ ૨૩ થી ૨૯ સુધી વેરાવળથી ભક્તિનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન ભક્તિનગર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૦૭ પોરબંદર રાજકોટ એક્સપ્રેસ ૨૩ થી ૨૯ સુધી પોરબંદરથી ભક્તિનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન ભક્તિનગર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૦૮ રાજકોટ પોરબંદર એક્સપ્રેસ ૨૩ થી ૨૯ સુધી ભક્તિનગરથી પોરબંદર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ ભક્તિનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૪૮૦ ઓખા રાજકોટ લોકલ ૨૩ થી ૨૯ સુધી ઓખાથી હાપા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન હાપા રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૪૭૯ રાજકોટ ઓખા લોકલ ૨૪ થી ૩૦ સુધી હાપાથી ઓખા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૩.૦૬ ના રોજ બરૌનીથી દોડતી ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની રાજકોટ સ્પેશિયલ બરૌનીથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૮.૦૬ ના રોજ, ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ બરૌની સ્પેશિયલ સુરેન્દ્રનગરથી બરૌની સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૪ ના રોજ રેવાથી દોડતી ટ્રેન નંબર ૨૨૯૩૮ રેવા રાજકોટ એક્સપ્રેસ રેવાથી સુરેન્દ્રનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૭ ના રોજ રાજકોટથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૧૩ રાજકોટ દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી દિલ્હી સરાય રોહિલ્લા સુધી દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૮.૦૬ ના રોજ દિલ્લી સરાય રોહિલ્લાથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૧૪ દિલ્હી સરાય રોહિલ્લા રાજકોટ એક્સપ્રેસ દિલ્હી સરાય રોહિલ્લાથી વાંકાનેર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૫.૦૬ ના રોજ જડચેરલાથી દોડતી ટ્રેન નંબર ૦૯૫૭૬ જડચેરલા રાજકોટ સ્પેશિયલ જાડચેરલાથી વાંકાનેર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૪.૦૬ અને ૨૫.૦૬ ના રોજ સિકંદરાબાદથી ચાલતી ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ રાજકોટ એક્સપ્રેસ સિકંદરાબાદથી વાંકાનેર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૬.૦૬ અને ૨૭.૦૬ ના રોજ રાજકોટથી ચાલતી ટ્રેન નંબર ૨૨૭૧૭ રાજકોટ સિકંદરાબાદ એક્સપ્રેસ વાંકાનેરથી સિકંદરાબાદ દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ વાંકાનેર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર ઓખા એક્સપ્રેસ ૧૦.૦૬ થી ૨૮.૦૬ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર ચાલશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા ભાવનગર એક્સપ્રેસ ૨૯.૦૬ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન ઓખા સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૪.૦૬ અને ૨૭.૦૬ ના રોજ, બાંદ્રાથી ચાલતી ટ્રેન નં. ૨૨૯૨૩ બાંદ્રા જામનગર હમસફર એક્સપ્રેસ બાંદ્રાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૫.૦૬ અને ૨૮.૦૬ ના રોજ ટ્રેન નં. ૨૨૯૨૪ જામનગર બાંદ્રા હમસફર એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન જામનગર સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૦૯.૦૬ થી ૨૮.૦૬ સુધી વડોદરાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧૦.૦૬ થી ૨૯.૦૬ સુધી સુરેન્દ્રનગરથી વડોદરા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન જામનગર સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી અને રીશેડ્યુલ કરેલ ટ્રેનોમાં ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા વેરાવળ એક્સપ્રેસ ૨૫.૦૬ થી ૨૮.૦૬ ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનાલુસ વાંસજાળીયા જેતલસર વેરાવળ થઈને ચલાવવામાં આવશે. આ ટ્રેનને રીશેડ્યુલ કરવામાં આવેલ છે. આ ટ્રેન ઓખાથી તેના નિર્ધારિત સમય થી ૫ કલાક અને ૪૫ મિનિટ મોડી એટ્લે કે ૦૨.૦૦ વાગ્યે ઉપડશે. ટ્રેન નંબર ૧૯૨૫૧ વેરાવળ ઓખા એક્સપ્રેસને ૨૫.૦૬ થી ૨૮.૦૬ ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા જેતલસર વાંસજાળીયા કાનાલુસ થઈને ચલાવવામાં આવશે. આ ટ્રેનને રીશેડ્યુલ કરવામાં આવેલ છે.  ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર વેરાવળ એક્સપ્રેસને ૨૫.૦૬ ના રોજ જબલપુરથી ૪ કલાક મોડી એટલે કે ૧૮.૦૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે. માર્ગમાં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોમાં ૨૩.૦૬ ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ચાલતી ટ્રેન નંબર ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા જામનગર એક્સપ્રેસ માર્ગ માં ૩ કલાક મોડી થશે. ૨૪.૦૬ ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ચાલતી ટ્રેન નંબર ૧૨૪૭૬ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-હાપા એક્સપ્રેસ માર્ગ માં ૩ કલાક મોડી થશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.